# સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ

મહાદેવ દેસાઇ સમાજસેવા સંકુલ,
ગૂજરાત વિધાપીઠ, આશ્રમરોડ, અમદાવાદ.

દેશના નવઘડતર માટે વિધાર્થીઓને ગ્રામાભિમુખ અને જીવન શિક્ષણ આપનાર સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગને ૧૯૬૩ માં વિશ્વવિધાલય અનુદાન આયોગ દ્વારા વિશ્વવિધાલય સમકક્ષ માન્યતા પ્રાપ્ત થઈ. ૧૯૬૫ થી અનુસ્નાતક અભ્યાસ શરૂ થયો. આ વિભાગમાં એમ.એ, એમફીલ અને પીએચ.ડી અમદાવાદ પરિસર ખાતે અને બી.એ કક્ષાનો અભ્યાસક્રમ રાંધેજા પરિસરમાં ચાલે છે. વિભાગમાં વર્ગશિક્ષણ, સંશોધન, વિસ્તરણ કામથકી શિક્ષણ આપવામાં આવે છે.

**(૧) અભ્યાસક્રમ**

એમ.એ બે વર્ષ અને બી.એ ત્રણ વર્ષનો અભ્યાસક્રમ છે. જેમાં વિધાર્થીઓને ફરજીયાત અને વૈકલ્પિક પાઠયક્રમ આપવામાં આવે છે. તેમજ અન્ય વિધાશાખાઓના વિધાર્થીઓ માટે પસંદગી આધારિત પાઠયક્રમો (CBCS) ૨૦૧૮ થી અમલમાં મૂકેલ છે.

**(૨) સંશોધન**

એમ.એ, એમ.ફીલ અને પીએચ.ડી કક્ષાએ પ્રત્યક્ષ ક્ષેત્રકાર્ય આધારિત શોધનિબંધને પરીક્ષા કે પદવીના ભાગરૂપે મહત્વનું સ્થાન આપ્યું છે. વિભાગમાં અભ્યાસકર્તા વિધાર્થીઓ મોટેભાગે ગ્રામ્ય વિસ્તારો, પછાત વિસ્તારોના સૌથી વધારે હોય છે.

સંશોધન અભ્યાસોમાં એમ.એ કક્ષાએ (૧) કુટુંબ, સગપણ સંબંધો, ધાર્મિક માન્યતાઓ, રિવાજો, પ્રથાઓ, મહિલાઓ, વિકલાંગો, સામાજિક સંસ્થાઓ, પંચાયત સંસ્થાની કાર્યવ્યવસ્થા, ખેતી વ્યવસાય, સંરચના, લઘુ જૂથો, લગ્નપ્રથા, દહેજપ્રથા, આંતરસંબંધો અને તેના પ્રશ્નો, કુટુંબ નિયોજન. (૨) સામાજિક પરિવર્તનો, સાંસ્કુતિક પરિવર્તનો, મહિલાઓના પ્રશ્નો, દારૂ બંધી, હાટપ્રથા, આદિવાસી વિકાસ અને પરિવર્તનો, આદિવાસી જમીનના પ્રશ્નો, જંગલ ઉત્પાદન, તુલનાત્મક સંબંધો, આદિવાસી સમુદાયના પ્રશ્નો, ઓધોગિક વિકાસની અસરો, મિલમજૂરો, ફેકટરીના કારીગરો, હીરાઉધોગ વગેરે જેવા ગ્રામ્ય, આદિવાસી દલિત સમાજ, મહિલાઓ, બાળકો વગેરે વિષયક અભ્યાસો થાય છે. એમ.ફીલ/પીએચ.ડી અભ્યાસ માટે વિશ્વવિધાલય અનુદાન આયોગ (UGC) ના અધિનિયમ ૨૦૧૮ ના આધારે પ્રવેશ પરીક્ષા ઉતીર્ણ કરવી અનિવાર્ય છે.

**(3) સમાજ સાથેનો અનુબંધ**

૨૦૦૭ થી શરૂ થયેલી ગ્રામજીવન પદયાત્રાનો એક મહત્વનો ઉદેશ સ્થળ આધારિત સ્વાધ્યાય દ્વારા વિભાગને સમાજ સાથે અનુબંધિત કરવાનો છે. રાષ્ટ્રીય સામાજિક સેવા (NSS) ની શિબિર અને સામાજિક ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓ સાથે જોડાઈને વિધાર્થીઓ સામાજિક પ્રશ્નો તરફ અભિમુખ અને દાયિત્વની ભાવનાનું દ્રઢીકરણ કરે છે.

**વિભાગના અધ્યાપકો**

1. ડૉ. મહેશ ગામીત (અધ્યક્ષ)
2. શ્રી જિતેન્દ્ર ઢેબરીયા
3. ડૉ. હસમુખ પંચાલ
4. શ્રી પ્રશાંત પટેલ